

# જેને માટે ના કહી તે જ ફિલ્મથી શરૂ થયેલી સૌરભની સફર

કિસ્સા કહાની

'કૌન હૈ યે લોગ? કહાં સે આતે હૈ?' આ લાઈન ભલે જોલી એલએલબીનાં અરશદ વારસીની છે પણ જેની સામે તે બોલ્યો હતો તેની માટે અત્યારે લાગૂ પડશે. આ લાઈન સૌરભ શુક્લા માટે છે. તેમના અત્યાર સુધીના ફિલ્મી કરિયરને જોઈ કોઈ પણ આમ કહી શકે છે. પણ આ ફિલ્મ સુધી તેઓ પહોંચ્યા કઈ રીતે? તે કિસ્સા મજાના છે.

5 માર્ચ 1963માં ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં સૌરભ શુક્લાનો જન્મ થયો. સૌરભના પિતા દિલ્હી યુનિવર્સિટીમાં ફાઈન આર્ટ્સ અને મ્યુઝિક ડિપાર્ટમેન્ટના હેડ હતા. તેમની માતા તબલા વાદક હતી. સૌરભ શુક્લા તો કહે છે તેની મા પહેલી મહિલા તબલા વાદક હતી. એક મોટો ભાઈ જે દક્ષિણ આફ્રિકામાં ઈકોનોમિક્સનો પ્રોફેસર છે. સૌરભ શુક્લાએ કોલેજમાં આવ્યા પછી પહેલી વાર થિયેટર કર્યું હતું. જોકે, સ્કૂલના દિવસોથી જ તેમના મનમાં ફિલ્મ લાઈનમાં જવાની ઈચ્છા જાગવા લાગી. 1984થી કોમર્શિયલ થિયેટર શરૂ કર્યું.

સૌરભની પહેલી ફિલ્મ બેન્ડિટ ક્વીન(1994)નો ખૂબ જ રસપ્રદ કિસ્સો છે. બેન્ડિટ ક્વીનની મુખ્ય કિરદાર સીમા બિશ્વાસ NSDના રેપર્ટરીમાં તેની સાથી હતી. જ્યારે ડિરેક્ટર શેખર કપૂરે સીમા બિશ્વાસને ફાઈનલ કરી, ત્યારે તેમણે સૌરભને પણ જોયો હતો. અને તેમને સૌરભ ખૂબ ગમતો. તેઓ તેમને બેન્ડિટ ક્વીનમાં કાસ્ટ કરવા માંગતા હતા. પણ સંજોગથી, સૌરભને બીબીસીનો એક પ્રોજેક્ટ મળ્યો જેના માટે તેમને લંડન જવાની ઓફર મળી. અને તે જ સમયે, તેમને બર્નાર્ડ બર્ટોલુચીની ફિલ્મ લિટલ બુદ્ધામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા મળી. તો, તે સમયે સૌરભે શેખર કપૂરની બેન્ડિટ ક્વીનમાં કામ કરવાનો ઈનકાર કર્યો હતો. પરંતુ પછી તેમને સમાચાર મળ્યા કે લંડન પ્રોજેક્ટ કેન્સલ કરવામાં આવ્યો છે. અને તેમને લિટલ બુદ્ધ ફિલ્મમાંથી પણ કાઢી મૂકવામાં આવ્યા! મતલબ કે, એક જ ઝાટકે, હતું ન હતું થઈ ગયું. તેમની સાથે કામ કરતા બધા મિત્રો પાસે કામ હતું. મોટાભાગના લોકો બેન્ડિટ ક્વીનમાં કામ કરવા જતા હતા. અને સૌરભ પાસે કંઈ કામ નહોતું. યોગાનુયોગ, બેન્ડિટ ક્વીનના શૂટિંગ માટે જતા પહેલા, NSD માં એક નાટકનું મંચન થયું. નાટકનું નામ 'ખૂબસૂરત બહુ' હતું. અને સીમા બિશ્વાસ તેમાં લીડ કેરેક્ટર હતા. સૌરભ તે નાટકના ઓપનર હતા. તે નાટકમાં તેને થોડા વધુ દ્રશ્યો મળ્યા હતા. શેખર કપૂર પણ તે નાટક જોવા આવ્યા હતા. નાટક પૂરું થયા પછી, શેર્ખર સૌરભને મળ્યો. તેણે લાંબા સમય સુધી સૌરભને જોયે રાખ્યા.. કંઈ કહ્યું નહીં. અને પછી તે તેના માથા પર હાથ ફેરવીને જતા રહ્યા. સૌરભને લાગ્યું કે કદાચ શેખરને ખબર પડી ગઈ છે કે મારો લંડન પ્રોજેક્ટ રદ થઈ ગયો છે. અને હવે શેખર તેને દયાભાવે જોઈ રહ્યા છે.



થોડા સમય પછી તિગ્માંશુ ધુલિયા તેની પાસે આવ્યો. તિગ્માંશુ તે દિવસોમાં શેખર કપૂરનો આસિસ્ટન્ટ હતો. સૌરભને ટિકિટ આપ અને કહ્યું, 'શેખર કપૂર ઈચ્છે છે કે તમે રાજસ્થાનના ધોલપુર પહોંચો. તે પણ જલ્દી જ.' બીજા જ દિવસે સૌરભ તિગ્માંશુ ધુલિયા એ જણાવેલી જગ્યાએ પહોંચ્યો. તેને ખબર નહોતી કે તેને ફિલ્મમાં કાસ્ટ કરવામાં આવ્યો છે કે નહીં. ભલે તેને કાસ્ટ કરવામાં આવ્યો હોય, તેનો રોલ શું હશે? ફિલ્મનું શૂટિંગ શરૂ થવામાં એક મહિનો બાકી હતો. ત્રણ-ચાર દિવસ ત્યાં રહ્યા પછી, સૌરભે શેખર કપૂરના આસિસ્ટન્ટ ડિરેક્ટર કન્નન ઐયરને પૂછ્યું કે તેને ફિલ્મમાં કાસ્ટ કરવામાં આવ્યો છે કે નહીં? અને જો હા, તો તેમનો રોલ શું છે? કન્નન ઐયરે તેને કહ્યું કે હાલમાં ફક્ત પાંચ જ લોકોને બોલાવવામાં આવ્યા છે. અને તમે પાંચેય જ આ ફિલ્મના કલાકાર છો. આ સાંભળીને સૌરભ શુક્લા ખુશ થઈ ગયા. કારણ કે તેને ખબર પડી ચૂકી હતી કે અભિનેતા બનવાનું સપનું પૂરું થવાનું છે.●

# 'ઈમરાન'ના હાથની 'રેખા' મેળવવા રેખાની મા દિલ્લી પહોંચી હતી

**તે સમયે ઈમરાન ખાને લગભગ આખો એપ્રિલ મુંબઈમાં વીતાવ્યો હતો અને તે દરમ્યાન રેખા સાથે ફરતો. આ દરમિયાન ઈમરાન રેખા ઉપરાંત ઝીનત અમન અને શબાના આઝમી સાથે પણ દેખાતો રહેતો**

લવ સ્ટોરી

એક જમાનામાં જે (અફવા)ની ખૂબ ચર્ચા થતી તે યાદ છે? જેમાં બોલિવૂડની ટાઈમલેસ બ્યૂટી રેખા અને પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર અને ભૂતપૂર્વ PM ઈમરાન ખાન વચ્ચે કંઈક સિલસીલો ચાલ્યો હતો... 1980ના દાયકામાં આ બંનેની વાતો લોકોમાં ખૂબ સંભળાયેલી એ પાછળનું કારણ પણ હતું તે સમયે રેખા અને ઈમરાન ખાન ઘણીવાર સાથે જોવા મળતા. કોઈ પણ ઈવેન્ટ્સમાં બંને સાથે જ આવે, બંનેની જોડી આવી ગ્લેમરસ હોય તોબધાનું ધ્યાન ખેંચાય ને. ઈમરાન તો એ સમયે ભારતમાં ખૂબ ફેમસ હતો, અને 'ઉમરાવ જાન'ની હીરોઈન રેખા સાથેની તેની લિન્કઅપની વાતોએ તો આગમાં ઘી હોમ્યું! એક રિપોર્ટમાં તો એવું પણ કહેવાયું હતું કે બંને લગ્ન પણ કરવાના હતા!








ખરેખર તો રેખાની મમ્મી, પુષ્પાવલ્લીને ઈમરાન ખૂબ ગમતો હતો. તેમને લાગતું કે ઈમરાન રેખા માટે પર્ફેક્ટ જમાઈ બનશે! સમાચાર તો હતા કે રેખાની મા કુંડળી બતાવવા માટે દિલ્હી ગઈ અને એક જ્યોતિષીને મળી, એ જાણવા માટે કે ઈમરાન રેખા માટે યોગ્ય છે કે નહીં! જ્યોતિષીએ શું કહ્યું એ તો કોઈને ખબર નથી, પણ રેખાની મમ્મીને પૂરો ભરોસો હતો કે ઈમરાન તેમના પરિવારમાં સારો સેટ થઇ જશે. પણ હવે રેખાની મમ્મી, પુષ્પાવલ્લી પોતાને ખૂબ ખોટી માની રહી હશે કારણ કે ઈમરાન ખાન હમણાં સુધી 3 લગ્ન કરી ચૂક્યો છે, જેમાંથી એક પણ સરખાં ટક્યા નથી. તેણે જેમીમા ગોલ્ડસ્મિથ સાથે 9 વર્ષ, બ્રિટીશ જર્નાલિસ્ટ રેહમ ખાન સાથે 1 વર્ષ સાથે રહી છૂટો પડ્યો હતો. 2018માં તેણે બુશરા બીબી સાથે લગ્ન કર્યા હતા. આમ ઈમરાનની લવલાઈફ ઘણી રંગીલી રહી છે.

બસ, આ વાતે ગોસિપને વધુ હવા આપી! તે સમયે ઈમરાન ખાને લગભગ આખો એપ્રિલ મુંબઈમાં વીતાવ્યો હતો અને તે દરમ્યાન રેખા સાથે ફરતો. આ દરમિયાન ઈમરાન રેખા ઉપરાંત ઝીનત અમન અને શબાના આઝમી સાથે પણ દેખાતો રહેતો. ફેન્સને પણ લાગતું હતું કે બોલિવૂડની આ ડિવા અને પાકિસ્તાનના ક્રિકેટ સ્ટાર વચ્ચે લવસ્ટોરી ચોક્કસ ચાલી રહી છે. પણ બધી ચર્ચાઓ, ગ્લેમરસ આઉટિંગ્સ અને રેખાની મમ્મીના સપોર્ટ છતાં, આ લગ્ન થયાં નહીં. રેખા અને ઈમરાન આખરે અલગ થઈ ગયા, અને આ વાત એક એવી બોલિવૂડ સ્ટોરી બની ગઈ, જે અડધી સાચી અને અડધી રહસ્યમય છે. ન રેખાએ કે ન ઈમરાને ક્યારેય આ રોમેન્સની વાતની પુષ્ટિ કરી, એટલે આ વાત આજે પણ ફેન્સ માટે એક રહસ્ય જ રહી. ●

# નાના અને કાદરની એક્ટિંગની આગ-'અંગાર'



મૂવિયાના

11 સપ્ટેમ્બર, 1992માં રિલીઝ થયેલી એક મજેદાર ફિલ્મ જે હવે 33 વર્ષ પૂરા કરી ચૂકી છે. એવી ફિલ્મ જેમાં બધા જ મજેદાર એક્ટરોનો મેળાવળો હતો એમાંથી બે એક્ટરને તો ઍવોર્ડ મળ્યો છતા એક એક્ટર નાના પોટેકર ખૂશ ન હતાં આ ફિલ્મ છે 'અંગાર' જેનાં ડિરેક્ટર હતા શશિલાલ નાયર, અને એમણે એ.એમ. રિફ સાથે મળીને ફિલ્મ પ્રોડ્યૂસ પણ કરી હતી.

આ ફિલ્મને કાસ્ટ કરતી વખતે શરૂઆતમાં શશિલાલ નાયર હીરો તરીકે સની દેઓલને કાસ્ટ કરવા માગતા હતા. એ વખતે ડિમ્પલને ફાઈનલ કરી લીધી હતી. હીરોના રોલમાં સનીના લઈને ડિમ્પલ ખૂબ ખુશ હતી, કારણ કે એ વખતે તેનું અને સનીનું અફેર ચાલતું હતું. પણ શશિલાલે સનીને લેવાનો આઈડિયા ડ્રોપ કરી દીધો અને ડિમ્પલ નારાજ થઈ ગઈ અને ફિલ્મ છોડી દીધી. સનીની બદલે જેકી શ્રોફને કાસ્ટ કર્યો. તો જેકીએ શિલ્પા શિરોડકરનું નામ સજેસ્ટ કર્યું ત્યારે ફિલ્મ જતી રહેવાનાં ડરથી ડિમ્પલે ફરીથી ફિલ્મમાં વાપસી કરી લીધી! 'અંગાર' પહેલાં નાના અને જેકી શ્રોફે 'પરિંદા'માં સાથે કામ કર્યું હતું. એ ફિલ્મમાં નાનાને ફિલ્મફેર બેસ્ટ સપોર્ટિંગ એક્ટર અને 'નેશનલ ફિલ્મ એવોર્ડ ફોર બેસ્ટ સપોર્ટિંગ એક્ટર'નો અવોર્ડ મળ્યો હતો, જ્યારે જેકીને




'પરિંદા' માટે બેસ્ટ એક્ટર એવોર્ડ મળ્યો.

'અંગાર'ની વાર્તા ચાલીમાં રહેતા જગ્ગુની(જેકી) છે. તેના માતાપિતા (અચ્યુત પોટદાર અને સુલભા દેશપાંડે) સાથે રહે છે. બેરોજગાર છે. મુશ્કેલીઓ તેના પર વગર આમંત્રણે આવે છે. પરંતુ, જગ્ગુ હૃદયનો સાચો માણસ છે. તેને મિલી (ડિમ્પલ) પણ એવી જ મળી. ચાલીનાં લોકો પણ તેને પ્રેમ કરે છે. આ ચાલી બિલ્ડર માજિદની (નાના) નજરમાં આવે છે જે અંડરવર્લ્ડ ડોન જહાંગીર ખાન (કાદર ખાન)નો પુત્ર છે. માજિદ વસાહતની જમીન મેળવવા માટે દરેક યુક્તિ અજમાવે છે. જ્યારે તેનું ટ્રમ્પ કાર્ડ જગ્ગુ પર ફેલ જાય છે, ત્યારે તે વસાહત ખાલી કરવા માટે એક ખતરનાક કાવતરું ઘડે છે. આ દરમિયાન, માજિદના ભાઈની હત્યા થાય છે અને જગ્ગુને જેલમાં ધકેલી દેવામાં આવે છે. મિલી પર મુશ્કેલીઓ આવે છે. જગ્ગુને જેલમાં આ બધું ખબર પડે છે અને પછી એક સાથે ઘણા 'અંગાર' ઊકળે છે. આ ફિલ્મમાં નાના પાટેકરને ફિલ્મ 'અંગાર' માટે ફિલ્મફેર બેસ્ટ વિલન એવોર્ડ મળ્યો હતો પરંતુ તેઓ ખુશ નહોતા. એમને લાગતુ હતુ કે એમના રોલને નેગેટિવ ન ગણી શકાય, એટલે એમને બેસ્ટ એક્ટરનો એવોર્ડ મળવો જોઈતો હતો. કાદર ખાન સાહેબે પણ 'અંગાર'માં ગજબનો અભિનય કર્યો હતો. તેમાં એમના ડાયલોગ્સનાં માટે 'બેસ્ટ ડાયલોગ એવોર્ડ' મળ્યો. 'અંગાર' એ એકમાત્ર ફિલ્મ છે જેમાં કાદર ખાન અને નાના પાટેકરે સાથે કામ કર્યું હોય. આ ફિલ્મથી શશીલાલ નાયરને શ્રેષ્ઠ સ્પેશિયલ ઈફેક્ટ્સનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર પણ મળ્યો.

'અંગાર' ફિલ્મમાં નાના પાટેકરે જે ભૂમિકા ભજવી છે તે એક વખત જેકી શ્રોફે અનુપમ ખેરને સંભળાવી હતી. અનુપમ પણ આ ભૂમિકા કરવા માટે ખૂબ જ ઉત્સાહિત હતા. તેઓ શશીલાલને મળ્યા. બંનેએ વાત કરી. અનુપમને લાગ્યું કે જેકી શ્રોફ તેમની ભલામણ કરશે પરંતુ ફિલ્મ નાના પાટેકરથી શરૂ થઈ. કહેવાય છે કે આ કારણે કેટલાક દિવસો સુધી અનુપમ અને જેકી વચ્ચેના સંબંધોમાં કડવાશ આવી ગઈ. ફિલ્મનું મ્યૂઝિક લક્ષ્મીકાંત-પ્યારેલાલે આપ્યું હતું. સંગીતકાર આદેશ શ્રીવાસ્તવ પણ ફિલ્મમાં દેખાયા હતા, જેઓ જેકીના દોસ્તોમાંથી એક હતા, અને એમના કેરેક્ટરનું નામ પણ આદેશ જ હતું! આ સુપરસ્ટારના જમાવડામાં બનેલી 'અંગાર'નું બજેટ અને બોક્સ ઓફિસ કલેક્શન અને એવોર્ડને સરખાવતા આ ફિલ્મ 1992 માં સફળ ફિલ્મોમાંની એક હતી. ●

